## ગાંધીનગરમાં નવરાત્રી આઠમું નોરતું

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવના આઠમા નોરતે દિપ્તી દેસાઈ અને અમિત ઠક્કરના મધુરકંઠે ગરબાના સુર રેલાશે.
- સાર્વજનિક નવરાત્રી મહોત્સવ દ્વારા સેક્ટર-૨૨, ગબ્બર ચોક ખાતે સુરમધુર મ્યુઝીકલ પાર્ટીના ગાયક ધર્મેન્દ્રભાઈ નાયકના કંઠે રાત્રીના ૯.૩૦ કલાકે ગરબાની રમઝટ જામશે.
- નવરાત્રી મહોત્સવ યુવા સમિતિ દ્વારા સેક્ટર-૧૭ ખાતે રાત્રીના ૯.૦૦ કલાકે આલાપ ગૃપ ઓફ મ્યુઝિકના ગાયક કલાકારો ગરબાની રમઝટ બોલાવશે.
- થનગનાટ આર્ટ એન્ડ કલ્ચરલ ફાન્ડેશન દ્વારા સે. ૧૧ના થનગનાટ ગરબા ગ્રાઉન્ડ ખાતે રાત્રીના ૮.૩૦ કલાકે અંકીતા શાહના મધુરકંઠે ગરબાની પ્રસ્તુતિ થશે.
- નવરાત્રી સમિતિ સે. ૩-ન્યુ દ્વારા રાત્રીના ૮.૩૦ કલાકે કૃણાલ ઓરકેસ્ટ્રાના ગાયક સુનીલ સોલંકીના મધુરકંઠે ગરબાની રમઝટ બોલાવાશે.
- નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા સે. ૩-સી, શક્તિચોક ખાતે રાત્રીના ૮.૩૦ કલાકે સરસ્વતી કલાવૃંદના ગાયક કલાકારો ગરબાની રમઝટ બોલાવશે.
- નવરાત્રી મહોત્સવ સમિતિ સે. ૫-સી દ્વારા રાત્રીના ૮.૩૦ કલાકે સે. ૫ ના નવરાત્રી ચોક ખાતે રોક સ્ટાર મ્યુઝીકલ ગૃપના ગાયક સાક્ષી ગોહિલના મધુરકંઠે ગરબાની પ્રસ્તુતી થશે.
- શક્તિમંડળ દ્વારા સવારના ૧૦ થી ૧૨ કલાક દરમિયાન ઉષાબેન શાહના યજમાનપદે અંબાજી મંદિર, સેક્ટર-૧૪ ખાતે આનંદનો ગરબો યોજાશે.

# મનડું નાચે, તનડું નાચે, પહેરી પટોળું અંગ-અંગ નાચે....






# સે-૩/ન્યુ ખાતે ખૈલેયાઓએ ગરબાની રમઝટ બોલાવી




ગાંધીનગર, તા.૭ ગાંધીનગર શહેરમાં નવરાત્રીમાં વરસાદે વિરામ લેતા નાગરીકો સહિત ખૈલેયાઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો છે. વરસાદ વિલન બનતા બગડેલા દિવસોની નવરાત્રીનું સાટું વાળવા ખૈલેયાઓ મનમુકીને ગરબે ઘુમે છે. ત્યારે સેકટર-૩ ન્યું ખાતે માતાજીના ચાચર ચોકમાં છઠ્ઠા નોરતે ગરબાની ભારે રમઝટ બોલાઈ હતી. ગરબા પ્રેમીઓને કાદવ-કિચડનો સામનો ના કરવો પડે તે માટે આયોજકોએ સફાઈ કરીને ખૈલેયાઓ માટે ભારે જહેમત બાદ ગરબા મેદાન સુવ્યવસ્થિત કરી દીધુ હતું. જયારે નાના બાળકો માટે ખાસ સેનેડો પહેલા યોજાય છે જેમાં ૪૦૦ થી વધુ સેકટરના બાળકો મનમુકીને ઝુમી ઉઠે છે. જયારે આઠમના દિવસે ૧૦૦૧ દિવડાની ભવ્ય આરતીનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર શહેરના સેકટર-૩ ન્યું ખાતે એક દશકાથી પણ વધુના સમયથી ગરબાનું સુંદર આયોજન કરવામાં આવે છે. માતાજીના ચાચર ચોકમાં નાના બાળકથી સૌ કોઈ પારિવારીક વાતાવરણમાં ગરબે ઘુમી શકે તે માટે આયોજકો ખડેપગે હાજર જોવા મળે છે. સેકટર-૩ ન્યું ખાતે શોંપિગ સેન્ટર પાસે માતાજીના મંદિરનું ભવ્ય નિર્માણકાર્ય થઈ રહ્યું છે.નવલી નવરાત્રીના પ્રારંભે ઉરી હુમલામાં મોતને ભેટનાર શહીદોને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી. જયારે દરેક નવરાત્રીમાં સનેડો ગરબા પુરા થવાની તૈયારીમાં હોય ત્યારે ગવાય છે જયારે અહી બાળકો માટે સનેડો પહેલા ગવડાવવામાં આવે છે જેથી બાળકો મનમુકીને સનેડામાં ઝુમી ઉઠે છે. માતાજીના ચાચર ચોકમાં પ્રાચીન અને અર્વાચીન ગરબાની સંગીતના સથવારે રમઝટ જામતા ગરબાપ્રેમીઓને મોજ પડી ગઈ હતી. નવરાત્રીમાં ખાસ વિશેષતા એ છે કે સફાઈ પર વિશેષ ધ્યાન રાખવામાં આવે છે. ત્યારે વરસાદે વિરામ લેતા ૬ઠ્ઠા નોરતે ખૈલેયાઓ મનમુકીને ગરબે ઘુમ્યા હતા. ચાચર ચોકમાં ભકિત અને શકિતના પર્વની ઉજવણી કરતા નાગરીકો મોટીસંખ્યામાં હાજર હતા. જયારે પ્રમુખ સંજય પટેલે જણાવ્યું હતું કે આઠમના દિવસે ૧૦૦૧ દિવડાની સુંદર આરતીનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં સૌ નગરજનોને હાજર રહેવા અનુરોધ કરાયો છે.



નવલી નવરાત્રીની ઉજવણીનો રંગ જામ્યો છે. સેક્ટરોમાં સાંજ ઢળતા જ ભાવિકો શક્તિની ભક્તિમાં તલ્લીન બને છે. સેક્ટરોની શેરીઓમાં ગરબાની રંગત જામી છે. સેક્ટર-૬-ડી ચ-ટાઈપની સરકારી વસાહતમાં બાળકો દ્વારા ભવ્ય ગબ્બરનું નિર્માણ કરવામાં આવ્યું છે.

# ગાંધીનગર કલ્ચરલ ફોરમ નવરાત્રી મહોત્સવ-૨૦૧૬ના વિજેતાઓ

| કેટેગરી | વિનર | રનર્સઅપ | વિનર | રનર્સઅપ |
|---|---|---|---|---|
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) | વિહાન વોરા | ધારક કૃણાલ વ્યાસ | જીયા મહેતા | શ્રેયા શુકલ |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ સુધીના) | રુશીન સુખડીયા | જૈવલ ભટ્ટ | જાનવી ઝાલા | ટીશા પટેલ |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ સુધીના) | નિકેત સોલંકી | મયંક નિનામા | રાજશી શાહ | સાક્ષી સોની |
| બેસ્ટ ડ્રેસ | રાજન કોસબીયા | મહર્ષિ ઠાકર | દર્શન સોલંકી | કરીશ્મા વોરા |
| બેસ્ટ કિંગ અને ક્વીન | નૈમિષ ભટ્ટ | ભાવેશ વાટાડા | અમિતા રાજપુરા | નિલીમા ભટ્ટ |
| બેસ્ટ પેર | ભાવેશ ત્રિવેદી | નિકુંજ ઠાકર | દુર્ગેશ શર્મા | ભુમા દવે |
| બેસ્ટ પરફોર્મ્સ (પ્રિન્સ-પ્રિન્સેસ) | મિતલ નાયી | અરૂણ ઝાલા | ધરતી કંદોઈ | હીર શુકલ |

## કાનમ -૨ રેસીડન્સી ખાતે વિવિધ વેશભુષા સાથે બાળકો ગરબે ઘુમ્યા

નવલી નવરાતમાં ગરબાની રમઝટ ખૈલેયાઓ બોલાવે છે. વરસાદના વિઘ્ન વચ્ચે પણ ખૈલેયાઓના ઉત્સાહમાં જરાપણ ઓટ દેખાતી નથી. ત્યારે વરસાદે વિરામ લેતા ગરબા પ્રેમીઓ તેમજ આયોજકોએ હાશ અનુભવી છે. ત્યારે ન્યું ગાંધીનગર કુડાસણ વિસ્તારમાં સ્થિત કાનમ-૨ રેસીડન્સી ખાતે સુંદર ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નાના બાળકોથી લઈ સૌ ગરબે ઘુમી માતાજીની આરાધના કરી શકિત અને ભકિતના પર્વનની ઉજવણી કરી રહ્યા છે. ત્યારે કાનમ રેસીડન્સી ખાતે રોજ અવનવી થીમ સાથે ખૈલેયાઓ ગરબે ઘુમે છે ત્યારે ગુરુવારના રોજ વેશભુષા સાથે બાળકો ગરબે ઘુમ્યા હતા.

